REGISTD N. B 794.

# આઝાદે ઇન્સાન



કિ. ૯ મી. — હિસ્સો ૮–મો.

માહે જમાદીઉલ આખર. સન ૧૩૩૪.

આગે તમન્ના ઇશ્ક દિલે કાયેનાત હય
તરના હસોકે વાસ્તે આબે હયાત હય
અજરોઅજાકે મુન્ચે ખીલે ગુલે મજમા
ગુલઝારે આખેરતકે પેડ આગે આત હય

ઈસ્લામ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ આમદભાઈ
માળીયા (મીયાંણા)

સુમનું કિસ્મત.

ા શોખીનોએ નોવેલ તો ઘણી વાંચ્યા હશે પણ તુરેક્માનમાં
ય ગેહેનુમ્મત નસીબ થાય. આગેતજારની મોહબ્બતની સેર
ાંચેલ નહી હોય! આમાં ફુલસુમ નામની બાનુનો બચપણથી
ી થઇ ત્યાં સુધીનો અહવાલ એવા રૂપમાં લખવામાં આવ્યો છે
ુદરના લીખો વાંચવાથી સેંકડો બાબતો જાણવા જેવી મળવાં
ત અને દુન્યાની ઘણી બાબતોથી વાકેફ થવાય છે. અને તે
ીક મજકા એવા આવે છે કે વાંચનારનું દીલ ભરાઇ આવી
ી એવાર આંખે પડી આવે છે. કેટલાક મજકા એવા આવે છે કે
ુધી હસવુંજ આવ્યા કરેછે, કેટલાંક મજકે ગમ ભુલી જવાયછે
ીવાય પટવાનનાં ઘણી ચીજો પકાવવાની પુરી રીત ભરતકામ
ના નાની બામારી જેમકે તાવ, મરડો માથાનો દુખાવો,
કાનનો દુખાવો વી૦ વીની દુંકી હુંકી પેશા બે પૈશાની
ના આસાન અને સેલા નુસખા, ફુરઆને શરીફવીગેરે પડવા
ાણી જાણવા જેવી અજાએબ બાબતો, અને એબાદ ઉપર
ણમાં અજબ દુખ, તે પછી મળેલું આશ્ચર્યકારક સુખ! તે
રતોમાં જે સુધા ૧ ક્યાં તેની ખુબી તો વારંવાર વાંચ્યાજ
ાહે છે, તેના નાનાની બાદશાહી અજાએબ સખાવતો નમાઝ
...શિકાર અરસાથી અયવા, તેક ગરીબના છોકરાઓની
...ીના કે માંગના વીના જરૂરી રકમ ભેગી થવાનો
નામ છતાં કીમત ફક્ત રૂ.૧॥ પો૦૦)=

# ખુશબૂએ બેહિશ્ત.

(આમાં ગુજરાતી ભાષામાં ૫૦ મજલીસો છે.)

ખુશબુએ બેહિશ્ત નામની કીતાબ લાંબી મુદ્દત પર છપાણી હતી અને ખલાસ પણ થઇ હતી તે સુધારા વધારા સાથે છાપી છે.

૧ આ કીતાબની ગુજરાતી ભાષા સુધારીને સર્વે સમજે એવી શીરીન ભાષામાં ગોઠવી વાક્ય રચના અને ઇબારતમાં પણ ઘણો સુધારો કર્યો છે.

૨-અરબી ફારસી શબ્દ વાપરેલ, અને તેના પાછળ અર્થ જેવા તેવા લખેલા તેને બદલે અમોએ એવા અઘરા શબ્દોને બદલીને ગુજરાતી શબ્દ વાપર્યા, જેમકે 'હદાકે' કીહું તો અમોએ લખ્યું કે બુલારેલ્હુ વી૦

૩-તેમાં પયગંબરને પાક અંબીઓમાં પહેલાં ચાર બુઝરગવારેનો અહવાલ ન હતો. તેથી તેઓના અહવાલની ૪ મજલીસ દાખલ કરી.

૪- કેટલીક મજલીસો બહુજ ઝીણ લાગી તેવી ચાર પાંચ કાઢી નાખી. અને તેના બદલામાં મોટા મોટા મરસીયા, એક હ૦અબ્બાસ અ૦નો કે તે ઘણાઓને બહુજ પસંદ છે " જબ અરક ભરકર નહરસે અબ્બાસે ગાઝી ઘર ચલે " તે તથા બ.જો જનાબે અલી અસગર અ૦નો ત્યા બે મરસીઆ, સબીલ નામું વી૦ દાખલ કર્યા.

૫ નામ 'ખુશબુએ બેહિશ્ત' છે એટલે જન્નતની સુગંધ, પણ કીતાબના નામ તેની અંદરના મતલબ ઉપરથી રખાયછે કે નામ થીજ તેમાં શું છે તે ખબર પડે, તેથી અમોએ આનું નામ બદલીને 'મસાએબુલ અબરાર' ( એટલે નેક અને પરહેઝગાર લોકોની મુસીબતો) રાખ્યું. અસલ કીતાબના રૂ.૪ હતા, અમે રૂ.૨॥ રાખ્યા પો૦ ૦)=ના આકીરા બા


મોઅજીઆતે મુરતઝવી પેજ ૬૫૦ રૂ. ૧

જનાબે હૈદરે કર્રાર ગયરે ફર્રાર મૌલાએ મુશકોલો આસાન કરેલી, હજારો અજાએબાત બનાવેલી, હજારોને માલામાલ કરી આપ્યા, મોટી મોટી લડાઇઓ ફતેહ કરી, મોટા મોટા નામવર પહેલવાનોને પછાડયા વી૦ બાબતોના આલીશાન ૫૦ મોઅજીઝા.

# બાગે નજાત

બિસમિલ્લાહિર રહમાનિર રહીમ, અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ
આલમીન, વસલ્લલ્લાહો અલા મોહમ્મદિન વ આલેહિ ત્તાહેરીન.

કીતાબ (૯મી.) તા૦ ૧૫મી માહે જમાદીઉલઆખર સન ૧૩૩૪ હી૦ (હિસ્સો ૮-મે

# તારીખે અઅસમે કુફી.

## કર્તા-સુન્નત જમાતના તવારીખનવેશ ખ્વાજામોહમ્મદ સાહેબઅઅસમેકૂફી.

## પ્રકરણ ૫૨-મુ, પરચુરણ અહવાલ.

તારીખુલ અમ્બીયાવાળા લખે છે કે હ૦ ઉસમાનથી ઘણા જણ નારાજ હતા, અને તલહા તથા ઝોબૈરના દિલમાં ઉમ્મેદ એવી હતી કે તેઓ જો કતલ થાય તો અમારૂ કામ થાય, એટલે તેમને ખલીફા નેમે, અને તેથીજ હ૦ ઊસમાનને કતલ કરાવવામાં મદદ કરતા હતા.

અને અઅસમે કુફીમાં લખ્યું છે કે હ૦ ઊસમાને અસહાબોની મદદ કબુલ કરી નહીં, અને તેમને મનાઈ કરી કે લડશો નહીં, તો એ બાબત મોઅતબર અને સહી નથી, કેમકે જો તેમની મરજી મદદ લેવાની નહતે તો મોઆવીયાહ તથા અબ્દુલ્લા આમેરને કાગળો શામાટે લખ્યા કે લોકો મારાથી ફરી ગયા છે માટે આ વખતે લશકર લઈને જલદી મારી મદદે આવો, (અગરચે કોઈ આવ્યું નહીં.) અને જ્યારે તે આવ્યા નહીં ત્યારે હ૦

અલીઅ૦ને મદદ કરવા કહેવરાવ્યું, તે વખતે હ૦અલી ઘરે નહતા. એમ સુન્નત જમાતની કેટલીક કીતાબોમાં છે, જેમકે તેમની કીતાબ "તારીખે તિબ્રી"માં છે કે હ૦ઊસમાને જનાબે અલીયે મુર્તઝાને કહેવરાવ્યું કે મારી મદદે આવો, તો ખબર મળી કે તેઓ પોતાની જમીન છે ત્યાં ગયા છે તેથી હ૦ઉસ્માને કહયું કે હું સમજ્યો મારી મદદ કરવી પડે તેથી બાહેર ચાલ્યા ગયા.

પછી ઉસમાને મોહમ્મદ બીન મુસલેમા પાસે માણસ મોકલ્યું, તેથી તે આવ્યો ત્યારે કહયું કે તમો આ કોમ પાસે જઇને કહો કે તમો શું શું ચાહો છો? અને જે જે વાત કહે તેતે મારા તરફથી કબુલ કરી લેજો. કેમકે મને બહુજ તંગ કરી નાખ્યો છે, તેણે જવાબ આપ્યો હું વર્ષમાં ફકત એકજ વખત ખોટું બોલું છું, તેથી વધારે ખોટું બોલી શકતો નથી, અને મેં તમારા તરફથી એક વખત બનતી કોશીશ કરી, પણ તમોએ જે વાયદો કર્યો હતો તે તમે વફા કર્યો નહીં, અને તમો સારી પેઠે એ લોકોને ઓળખો છો કે વારંવાર તેઓ સમજશે નહીં, આથી ખલીફા સાહેબ સમજયા કે ગામવાળા પણ સર્વે ફરી ગયા છે, અને તેઓએ દુશ્મનોના હાથમાં મને ઘેરાવી દીધો છે.

ઉપરાંત હ૦ ઉસમાને જો લડવાની મનાઇ કરી હતે તો તેમના ઘરમાં ભારે લડાઇ થાત નહીં, જેમકે તવારીખોમાં છે કે તે દીવસે હ૦ઉસમાનના ઘરમાં એવી જંગ થઇ કે નદીની જેમ લોહી વહેવા લાગ્યું.

અને હ૦ઉસમાને વારંવાર કહેવરાવ્યું કે કોઇ રીતે સુલેહ કરો અને મને કતલ કરો નહીં, તો તે લોકોએ એજ જવાબ આપ્યો કે હવે સુલેહ એકજ વાતમાં થાય એમ છે, કે તમો ખિલાફત મુકી આપો એટલે તમોને કતલ નહીં કરીએ તેમજ ઇજા નહીં આપીએ અને તમારા બદલે બીજા કોઇને અમારી મરજી મુજબ ખલીફો કરી લેશું.

તો આ વાત કોઇ રીતે કબુલ કરીનહીં તેના કારણમાં લખે છે કે આમાં મરવાનની સલાહ એવી હશે કે આ લોકોએ જે બળવો કર્યો છે તે કોઇરીતે કતલ કરવા માટે નહીં, પણ ફકત ધમકી આપવા માટે છે, કે કતલના બાકથી ખિલાફત મુકી આપો, માટે ખીલાફત મુકવી નહીં, તેઓ ડરાવી ડરાવીને છેવટે સુલેહ કરશે, એવો મત મળવાથીજ છેવટ સુધી ખીલાફત નહીં મુકવા મકકમ રહયા, પણ જ્યારે મામલો તદ્દન બગડી ગયો, અને કતલ કરનાર લોક ઘરમાં ઘુસી ગયા ત્યારે ઊપાય રહયો નહીં, જેમકે પહેલા ખલીફા સાહેબ હ૦અબાબકરના દીકરા મોહમ્મદે હ૦ઉસમાનના ઘરમાં ઘુસીને તેઓની દાઢી પકડી ત્યારે હ૦ ઉસમાને કહયું અરે મ્હારા ભત્રીજા તુ ખુદાથી ડર અને મારી દાઢી મુકી આપ, અગર તારો બાપ અબાબકર જીવતો હોતતો તે કદી મ્હારી દાઢી પકડત નહીં, મોહમ્મદે કહયું અગર મ્હારો બાપ જીવતો હોત તો તમને હરગીજ આવા કામ કરવાની રજા આપત નહીં અને શરીઅતના તરીકાથી વિરૂદ્ધ બાબતો થવા દેત નહીં, આ વખતે ખલીફા ઉસમાને નજીકમાં પડેલું કુરઆને શરીફ હાથમાં લઇને ફરમાવ્યું કે આ કુરઆન મુજબ ચાલવા બંધ કરું છું, અને હવેથી દરેક બાબતમાં તમારી રજામંદી હશે તેજ કરીશ, તમારી ઊમેદો પુરી કરીશ, અને કોઇ ચીજને તમારાથી વ્હાલી નહીં કરૂં, માટે મને મુકત કરો.

ઇલ્મ રોશની છે.
હેક લાઇબ્રેરી
હુસેનઅલી સામદાણી
માળીયા (મીયાણા)

આ સાંભળીને મોહમ્મદે કહયું કે—અલઆન વકદ અસયત મિન્કબ્લો વકુન્ત મેનલમુફસેદીન*એટલે અત્યારસુધીનો નાફરમાની કરી, હવે શું થઈ શકે છે? તું ફસાદ કરતાર છો, મતલબ એકે જયારે વખત ચાલ્યો ગયે, હાથમાંથી લગામ છુટી ગઇ પછી શું થઇ શકે?

એ મુંજબ જવાબ આપીને મોહમ્મદે પોતાના બીજા હાથમાંનો એલચો હ૦ઉસમાનની ગરદન ઉપર માર્યો તેથી તેમની ગરદન જખમી થઈ ગઇ લોહી વહેવા લાગ્યું, અને પછીતો થોડી વારમાં કતલ થઇ ગયા.

અને લખે છે કે મરવાને હ૦ઉસમાનને ખીલાફત મુકી આપીને સુલેહ કરવા આપી નહીં, છતાં પોતે કાંઇ મદદ પણ કરી નહીં, ખલીફાને એકલા મુકીને જાન બચાવીને ઓરતોમાં મરવાન છુપી રહયો.

"રવઝતુલ આહબાબ" સુન્નત જમાતની તવારીખમાં લખે છે હ૦અલીઅ૦ને ખબર પડી કે હ૦ઉસમાનને બલવા વાળા કતલ કરશે તેથી આપ ગમગીન થયા, અને એ લોકોને સખત શબ્દો કહીને પોતાના ફરઝંદ હસન અને હુસૈન તથા કમબરને હુકમ કર્યો કે તલવારો લઇને ખલીફાની મદદ માટે જાઓ, અને તેમને કહો કે મરવાનને બલવા ખોરોને સોંપી દીએ કે રખેને એ ફસાદ દફે થાય.

ઝોબૈર અને તલહા વીગેરેને ખબર પડી કે હ૦અલીઅ૦ પોતાના ફરઝંદ અને ગુલામને હ૦ઉસમાનની મદદ માટે મોકલ્યા છે તેથી તેઓએ પણ પોતાના કેટલાંક સગાઓને હ૦ઇમામે હસન અને ઇમામે હુસૈન અ૦ની સાથે મોકલ્યા. બલવાખોરોએ જોયું કે ખલીફાની મદદ માટે આ લોક આવ્યા છે, તેથી બહુજ ઉતાવળ કરીને હ૦ઉસમાનના મકાન ઉપર તીરનો વરસાદ વરસાવ્યો, અને પથરા ફેંકયા, તેથી હઝરતે ઇમામે હસન અલય હિસ્સલામનું મુબારક મોઢું લોહી લુહાણ થઇ ગયું, અને મોહમ્મદ બિન તલહા ઝખમી થયા, બલવાખોરોએ જોયું કે ઇમામે હસન અ૦નું મોઢું લોહી લુહાણ થઇ ગયું તેથી ડર્યા, કે રખેને બની હાશમ આવીને આડા પડે તેથી ખલીફાના ઘરને આગ લગાડી દીધી.

પછી હ૦ઉસમાનને કતલ કરવાનો અને તે વખતે માર્યા ગીએલાઓનો લંબાણ અહેવાલ લખીને લખે છે કે જયારે હ૦અલીઅ૦ને ખબર પડી કે ઉસમાન ખલીફા કતલ થયા ત્યારે આપને બહુજ ગુસ્સો આવ્યો અને ઇમામે હુસૈન અ૦ને ફરમાવ્યું કે હ૦ઉસમાન અવી રીતે માર્યા ગયા અને તમો તેમના દરવાજા ઉપર હાજર હતા છતાં તમોએ લોકોને એવા ખરાબ કામથી અટ-

* આનો અર્થ તથા તફસીર ગયા અંકના પેજ ૧૩૮માં આવી ગીએલ છે,

કાઢ્યા નહીં?! એમ કહીને ઇમામે હસન અ૦ના મોઢા ઊપર એક તમાચો માર્યો, અને ઇમામે હુસૈન અ૦ની છાતીમાં એક ધુસ્તો માર્યો, અને મોહમ્મદ બિન તલહા અને અબ્દુલ્લા બિન ઝુબૈરને સખત શબ્દો ઠપકાના કહયા, અને બહુજ કહર તથા ગજબમાં "ઇન્નાલિલ્લાહે વઇન્ના એલયહે રાજેઊન" કહયું. અને બીબીઆએશાઘરમાંથી બાહેરનીકળીને બહુજ અફસોસ કરવા લાગ્યા ઈત્યાદી.

આ બનાવથી તલહાએ હ૦અલી અ૦ને કહયું કે એવો ગુસ્સો શામાટે કર્યો? અને હસન તથા હુસૈનને શામાટે માર્યા? આપે જવાબ આપ્યો કે હ૦ ઉસમાન જેવા ખલીફા નિર્દોષ માર્યા જાય છતાં આલોક મદદ નકરે તો કેમ ગુસ્સે નથાઊ?

તલહાએ જવાબ આપ્યો કે ઊસમાને જો મરવાનને બલવાખોરોને સોંપી દીધો હોતતો શામાટે કતલ થાત?

આવીરીતે તારીખુલ અમ્બીયા વાળાએ કેટલાંક ખુલાસા લખ્યા છે જેમાં ઘણો વધારો ઘટારો કરીને ટુંક ખુલાસો એકે આ સર્વે બાબત બનાવટી છે કોઇ દલીલથી સાચી ઠરતી નથી.

કેમકે રાવીએ જેજે બયાન કરેલ છે, તે એકએક શબ્દથી જાહેર થાયછે કે આ મન ઘડત છે, જેમકે તેનો ટુંક ખુલાસો નીચે મુજબ.—

૧—તવારીખોથી સાબીત છે કે હ૦ઊસમાન કતલ થવાની પહેલેજ બીબીઆએશા મદીનામાંથી નીકળીને મકકે ગયા હતા, તો ઉપર આવ્યું કે હ૦ ઉસમાન કતલ થવાથી તેઓએ ઘરની બાહેર આવીને બહુજ અફસોસ કર્યો તે કેમ બને?

૨—હ૦અલીઅ૦ જાણતા હતા કે હ૦ ઉસમાનને કતલ કરવા હજારો જણ ભેગા થયા છે, છતાં પોતાના ફરઝંદોને ત્યાં શામાટે મોકલે? અને માનો કે મોકલ્યા તો તેઓ કાંઇ ભાગી આવ્યા ન હતા બલકે જખમી થયા હતા, છતાં ગુસ્સે થાય અને શામાટે બચાવ્યા નહીં અને તમાચો અને ધુસ્તો મારે એ અદલ નથી બલકે ઝુલમ છે, અને આપ ઝુલમ કરેજ નહીં, અને એ નુરે ખુદા જીગરગોશએ મુસ્તફા નુરેઐને ફાતેમએઝહરા ઉપર અવી બેરહમી કરેજ નહીં આ બનવા જોગ નથીજ.

૩—હ૦અલીઅ૦ અવા બલવામાં પોતે ગયા નહીં અને ફરઝંદોને મોકલ્યા તે પણ બનવા જેવું નથી.

૪—જો હ૦ અલી અ૦ હ૦ઉસમાન કતલ થયાથી પોતાના ફરઝંદો ઉપર ગુસ્સે થઇ તેમને માર્યા હોય તો હ૦ઉસમાનની લાશને [illegible]

બલવાખોરોએ દફન થવા દીધી નહીં તો શામાટે તરત દફન કરવા આપે એવી કોશીશ કરી નહીં?

૫—ત્રીજે દીવસે આપ પાસે કેટલાંક મદીના વળાઓએ સીફારીશ કરી ત્યારે આપે ઇમામે હસન અ૦ને બલવાખોરો પાસે મોકલીને લાશ દફન કરવા દેવાની રજા અપાવી એમ સુન્નત જમાતની તવારીખોમાં લખે છે, પણ આપ શા માટે જનાજા સાથે ગયા નહીં ?

૬—અને મીસર વાળાઓએ મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન થવા દીધા નહીં તો પણ શા માટે હ૦અલી અ૦ જઇને તેમની લાશને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરાવી નહીં ?

૭—નાચીઝ અરજ કરે છે કે એક નકલ અત્રે મુનાસબ જણાવાથી લખવામાં આવે છે, જેમકે "સવાઊસ્સબીલ" નામની કીતાબમાં છે કે કીતાબે "સેરાતુલ્મુસ્તકીમ" જે સુન્નત જમાતની છે તેમાં તેના કર્તા મુજદ્દુદીન ફીરોઝાબાદીએ લખ્યું છે કે અબો સુન્નત જમાતનો "ઇબ્નેજવઝી" મહા બુઝુર્ગ આલીમ હતો, અને પોતાને બહુજ જબરદસ્ત આલીમ ગણતો હતો, તેણે એક વખતે **આલીમે ઇલ્મે રબ્બાની, વાકીફે અસરારે યઝદાની યાઅને અલી ઈર્ફાનીદ્** ની સાથે પોતાને સરખાવા માટે મીમ્બર ઉપર જઇને લોકોને કહયું કે **"સલૂની કબ્લા અન્તફ્કેદૂની"** * એટલે જે કાંઇ પુછવું હોયતે મારી હયાતીમાં મને પુછી લીઓ.

આ સાંભળીને એ મજલીસમાંથી એક ઓરતે ઉભા થઇને કહ્યું કે હું એક સવાલ કરૂં છું તેનો જવાબ આપો.

**ઓરત**—લોકો બયાન કરે છે કે જયારે સલમાને ફારસી મદાએનમાં ખુદાની રહમતે પહોંચ્યા ત્યારે હ૦ અલી અ૦ મદીનામાં હતા, આપને કોઇએ એ વાતની ખબર આપી નહીં, પણ આપને ઇલ્મેગૈબથી ખબર પડી કે સલમાન

---

* એ અરબી અન્તે ઈબારતનો ખુલાસો એછે કે અલ્લાહના ઇલ્મના આલીમ, અને તે માલીકના ભેદને જાણવાવાળા હ૦ ઇમરાન (અબુતાલેબ) ના ફરઝંદ હ૦ અલી અ૦ પોતાની હયાતીમાં ફરમાવતા હતા કે અએ લોકો તમોને જે કાંઇ પુછવું હોય તે મહારી હયાતીમાં પુછી લીઓ, અને આ મુજબ કહેવું એ મૌલા માટે સજાવાર હતું, કેમકે તેઓ ખુદાઇ ઇલ્મ અને ખુદાઇ ભેદથી વાકેફ હતા, પણ બીજા કોઇ માટે સજાવાર નહતું, અને નછે, છતાં એ ઇબ્ને જવઝીએ પોતે મોટો આલીમ છે તે બતાવા લોકોને એ શબ્દો કહયા કે જે મૌલાઅલી એ કહયા હતા, પણ એ મૌલાનો મુકાબલો કરવા જાય તે કદી હાર્યા વીના રહેજ નહીં. છેવટે શરમીંદા થવું પડયું જેમકે આ નકલમાં છે.

ગુજરી ગયા, તેથી આપ તેજ રાત્રે મદીનાથી મોઅજીઝાથી થોડી વારમાં મદાએન પહોંચી ગયા, અને સલમાનને ગુસલ કફન આપી નમાઝ પડીને દફન કરીને મોઅજીઝાથી તેજ રાત્રે મદીને પાછા આવ્યા, એ છતાં કે મદીનાથી મદાએન એક મહીનાનો રસ્તો છે, તો શું આ બાબત ખરી છે ? !

ઇબ્નેજવઝી=આ રીવાયત ખરી અને સહીહ વાત છે, એમજ થયું છે.

ઓરત=જે પ્રમાણે લોકો એ વાત કહે છે, તેમજ આ પણ કહે છે કે હ૦ ઊસમાન સાહેબ મદીનામાં કતલ થયા ત્યારે હ૦ અલી પણ મદીનામાંજ હતા, છતાં હ૦ ઉસમાનની લાશ ત્રણ દીવસ સુધી દફન થઇ નહી, અને હ૦ અલીએ તરત દફન કરાવી નહીં, અને તેમની ઉપર નમાઝ પણ પડયા નહીં આ વાત ખરી છે કે નહીં ?

ઈબ્નેજવઝી=( આ સાંભળી ગુસ્સે થઇને આનો જવાબ ન આપતા ) અરે ઓરત તું કેવી છે? જો તું ત્હારા શવહરની રજાથી આ મરદોની મજલીસમાં આવી હોતો તેના ઉપર ખુદાની લાઅનત થાય, કે અવા મજમામાં તને આવવાની તેણે રજા આપી, અને જો તું તારા શવહરની રજા વગર અહીંયા અવા મરદોના મજમામાં આવી હોતો તારા ઊપર ખુદાની લાઅનત થાય.

ઓરત=( સાહેબ તમોએ મ્હારી વાતનો જવાબ તો આપ્યો નહીં, અને નાહક લાનત મલામત કરો છો, તો લ્યો આ મારા આવવા ઉપર એક સવાલ પુછું છું ) કહો જનાબે ઉમ્મુલ મોઅમેનીન બીબી આએશા સાહેબા લોકોના મજમાં સાથે હ૦ અલી સાથે જંગ કરવા માટે બસરા સુધી ગયા ત્યારે શું હ૦ રસુલે ખુદા મેહમ્મદે મુસ્તફા સ૦ એ રજા આપી હતી ? કે રજા વીના ગયા હતા ? !

આ સાંભળીને ઇબ્ને જવઝીએ કાંઇ પણ જવાબ આપ્યો નહીં.

આ ૭ ખુલાસાથી સાબીત થયું કે હ૦ અલી અ૦ ખલીફા ઊસમાનથી રાજીનહુતા, તેમજ તેમને કતલકરાવા ઉશકેરણી પણ કરી નહુતી, અને કતલ થવાથી અટકાવવા માટે પણ કોશીશ કરી નથી, તેઓ ફકત ઈસ્લામીયોને બને તેમ ખુનરેજી કરતા અટકાવતા, અને દીને મોહમ્મદી બરબાદ નથાય તેની સંભાળ રાખતા હતા, તેના માટે થઇને ખલીફાઓની જરૂરી મવકે દીનને બચાવા મદદ કરતા હતા. અટલા ઉપરથી અક્કલમંદો તમામ સાર સમજી શકે છે, તેથી વધારે વિવેચન કરવાની જરૂરત નથી.

પ્રકરણ ૫૧-માં માં છેલ્લે જે કાંઇ ગયા અંકમાં લખ્યુ છે તે પછી તારીખે અઅસમે કુફીમાં લખેછે કે મોઆવીયાહના હાથમાં ખીલાફતની લગામ

ઇલ્મ રોશની છે. લાઈબ્રેરી હાજીભાઈ ...દાણી મુલીયા (...)

આવવા પછી હુકમ આપ્યો કે હ૦ ઉસમાન જ્યાં દફન થયા છે તે તરફ લોકોએ પોતાના મુરદા દફન કરવા, કે તેથી "બકીઅ" નામના મુસલમાનોના કબ્રસ્તાન સાથે એ જગ્યા મળી જાય.

હ૦ ઉસમાનને તેજ પહેરાનમાં દફન કર્યા કે જે પહેરેલું હતું, અને ગુસલ પણ આપ્યું નહીં, અને જ્યાં હ૦ ઉસ્માન દફન થયા તે જગ્યાને કબ્રસ્તાને બની ઉમય્યાહ કહેવા લાગ્યા.

બીબી આએશા બળવાને વખતે મક્કે જવા નીકળ્યા ત્યાંસુધી તો જ્યાં સુધી બન્યું ત્યાંસુધી લોકોને તાકીદ કરતા હતા કે હ૦ ઉસમાનને જેમ બને તેમ કતલ કરી નાખો, અને મક્કામાં ખબર પડી કે હ૦ ઉસ્માન કતલ થયા ત્યારે બહુજ ખુશી થયા, અને ખુદાનો શુકર કર્યો, અને ન છાજતા શબ્દો પણ એ ખલીફા સાહેબને આપે કહ્યા, અને હ૦ ઉસ્માને પોતાના ઘેરાઇ ગીએલા દીવસોમાં કેટલાંક શેઅર એવા લખ્યા છે કે તેથી માલુમ પડેછે કે આપે જેજે ભુલો કરી તેથી પસતાણા હતા.

# પ્રકરણ ૫૩ મું, હઝરતે અમિરૂલ મોઅમેનીન અલિયે મુર્તઝા અને ખીલાફત મળવાનો અહવાલ.

પછી એજ તવારીખ આઅસમે કુફીમાં લખે છે કે હ૦ ઉસમાનને મોહાજર અને અનસાર તેમજ મીસરવાળાઓ ભેગા થઇને ઘેરો નાખીને કતલ કરી નાખ્યા, તો લાઝીમ થયું કે કોઇને ઇમામ અને ખલીફા પોતા માટે ઠરાવે, તેથી તમામ મોહાજર અને અનસાર મસજીદે રસુલે અખરારમાં ભેગા થયા, અને મશવેરો કરવા લાગ્યા કે હવે આપણે કોને ખલીફા નેમવો? આ વખતે અમ્માર યાસીર, અબુલ હસીમ બિનતિહાન, રફાઆબિન રાફેઅ, માલિક બીન ઉજલાન, અબુ અય્યુબ, ખાલીદ બીન યઝીદ, વધારે ચાહતા હતા કે હ૦ અલી અને ખલીફા મુકર્રર કરે. તેથી તેઓમાંથી અમ્મારે યાસીરે લાંબા સાદે કહયું કે ઓ અનસાર અને મોહાજેરીન તમોએ હ૦ ઉસમાનને સારી પેઠે ઓળખ્યા કે તમારી સાથે કેવી રીતે વર્ત્યા? માટે હવે તમો જોઇ વીચારીને ખલાફો કરો કે પાછળથી પસ્તાવું પડે નહીં, આ વખતે તમારામાં

હ૦ અલી અ૦ મવજુદ છે, અને તેમને સારી પેઠે ઓળખો છો કે તેઓને હ૦રસુલેખુદા સ૦ની સાથે કેવું સગપણ છે! અને એ પણ જાણો છો કે સર્વેથી પહેલે તેઓએ ઇમાન ઇખ્તીયાર કરેલ છે, માટે તેમની બૈઅત જલદી કરી લ્યો, અને જુદા મત કરીને આપસમાં મતભેદ કરવાથી બચો.

આ સાંભળીને તમામ મોહાજીર અને અનસારે કેહયું કે ઓ અમ્માર તમારી વાત બહુજ સારી અને પસંદ કરવા જેવી છે, આથી વધારે સારો બીજો કોઈ મત હોઇ શકશે નહીં, આ મત તદ્દન વાજબી અને વાસ્તવીક અને સહીહ છે.

પછી તમામ જણ ભેગા થઇને હ૦અલી અ૦ની ખીદમતમાં ગયા, અને અરજ કરી કે યા અબલ હસન આપ જાણો છો કે લોકોએ ઊસમાનને મારી નાખ્યા, અને કોઇ ખલીફો હોવો જરૂરી બાબત છે, પણ આપ સીવાય ખીલાફતની બીજું કોઈ લાયક નથી. માટે આપ અમોને રજા આપો તો અમો આપની બયઅત કરીએ, કેમકે ઊસમાનની લાશ હજુ દફન થઇ નથી ઘરમાં પડી છે, માટે જ્યાં સુધી અમો આપની બયઅત નહીં કરીએ ત્યાં સુધી તેમની લાશને દફન પણ નહીં કરીએ.

આ સાંભળીને આપે જવાબ આપ્યો કે અએ દોસ્તો મને ખિલાફતની ખાહીશ નથી તેમજ મને તેની જરૂરત પણ નથી, હું ચાહતો નથી કે મારી સાથે કોઈ બૈઅત કરે.

આ વખતે એક શખસે કહયું કે સુબ્હાનલ્લાહ એમ કેમ થાય? આપ અમોને બયઅત કરવાની રજા આપો, હ૦ ઉસમાનને આ લોકોએ કતલ કર્યા તેમાં ભારે મસલેહત હતી; હ૦ અલીએ ફરમાવ્યું કે તમો મારા ઊપરથી હાથ ઊપાડો મારી બયઅત કરો નહીં, અને આ કામ માટે બીજા કોઇને મુકર્રર કરો તલહા અને ઝુબેર પણ હાજર છે, આ બનવા જોગ છે કે તેઓ ખીલાફત લેવા ઇચ્છતા હોય.

આ સાંભળીને એ સર્વે જણ હ૦ અલી અ૦ને લઇને તલહાને ઘરે ગયા, અને હ૦ અલીએ કહયું એ તલહા આ લોક મારી પાસે આવ્યા અને ચાહે છે કે મારી સાથે બયઅત કરે, પણ મને મનજુર નથી, કેમકે ખિલાફતનુ કામ ઘણું મુશકિલ છે, મને તેની જરૂરત નથી, માટે તું હાથ લાંબો કર કે આ લોક ત્હારી બયઅત કરે.

તલહાએ જવાબ આપ્યો કે યા અબુલહસન આ કામ માટે સર્વેથી તમોજ બેહતર અને અફઝલ છો; અને ખરૂં પુછો તો ઉમ્મતે રસુલનો ખલીફો થવું આપનોજ હક છે, કેમકે આપમાં પહેલેથીજ ઘણી ખુબીઓ અને ફઝીલતો સમાએલી છે, અને હઝરતે રસુલે ખુદા સ૦ના બહુજ નજદીકના સગા છો.

હ૦ અલીએ જવાબ આપ્યો કે મને ખિલાફત લેવા કહે છે, પણ મને અંદેશો રહે છે કે હું ખીલાફત લઇશ અને બંદોબસ્ત કરીને કારભાર ચલાવીશ ત્યારે રખેને ત્હારા તરફથી ગડબડ થાય, અને તું મ્હારી સામો થા.

તલહાએ કહયું કે આ વીશે તમારે કાંઇ ફીકર કે ચીંતા રાખવી નહીં, કેમકે હું ખુદા પાસે પનાહ માગું છું કે હું તમારો દુશમન થાઉં અને ગુનેહગાર બનું, જો એવું કરૂં તો હું ઝાલિમ થઇ જાઉં માટે આપ ખુશીથી ખિલાફત સ્વીકારો.

હ૦ અલીએ ફરમાવ્યું કે ગો તલહા તું જે કહે છે તેનો અહદ અને ઇકરાર કરીને ખુદાને ગવાહ રાખ તો હું નીડર રહું.

તલહાએ કહયું મેં આ વીશે ખુદા સાથે અહદ કર્યો અને આપના તમામ હુકમ કબુલ કર્યા, હું કદી આપથી વિરૂધ્ધ ચાલીશ નહીં હમેશા આપની મરજી મુજબ વર્તાકરીશ.

પછી હ૦ અલી અ૦ ફરમાવ્યું કે હવે તું અમારી સાથે ઝોબૈરની પાસે ચાલ અને આ તમામ વાત તેને કહે. તે તેઓની સાથે ઝોબૈર પાસે ગયો, અને હ૦ અલીએ જે પ્રમાણે તલહા સાથે સવાલ જવાબ કર્યા હતા તેજ પ્રમાણે તેની સાથે પણ સવાલ જવાબ કયા, અને ઝોબેરે પણ એજ પ્રમાણે જવાબ આપ્યો કે જે પ્રમાણે તલહાએ આપ્યા હતા, અને એજ મુજબ હ૦ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને તાલીબ અ૦નીસાથે અહદ કર્યો અને સોગંદ ખાધા કે આપની મરજી મુજબ ચાલીશ અને કદી આપના નાફરમાની નહી કરૂં, એટલુંજ નહી પણ હું આપની મોહબ્બત હમેશા માટે જાળવી રાખીશ અને આપની વીરૂધ્ધ કદી થનાર નથી, હમેશા આપની ખેરખ્વાહી ચાહતો રહીશ, કોઇ પણ કારણ કે બનાવથી હું આપથી ફરનાર નથી, અને એવો વખત આવવા નહીં આપું કે આપની સાથેનો અહદ તોડવો પડે.

જ્યારે હ૦અલીઅ૦ તલહા તથા ઝોબેર પાસેથી એવો અહદ અને સોગંદ લીધા અને તમામ નાના તેમજ મોટેરા વગેરેઓએ બહુજ આગ્રહ કર્યો ત્યારે આપ મસ્જીદે નબવીમાં તશરીફ લઇ ગયાં, અને એક ઠેકાણે બેઠક લીધી.

પછી તો તમામ મોહાજીર અને અનસાર મસજીદમાં ટોળે ટોળા આવવા લાગ્યા, એટલે સુધી કે તમામ જણ ભેગા થઇ ગયા, ત્યારે સર્વેથી પહેલે અબુલહીમ બિન તિહાન, રાફેઅબિન રફાઆહ, માલીક બિન ઉજલાન. અબુઅય્યુબ, ખાલીદ બિન યઝીદ, હઝીમા બિન સાબેત વગેરેએ એકમતે કહયું કે અએ લોકો તમો જાણો છો કે હ૦ઓસમાન તમારીસાથે કેવી વર્તણુક ચલાવતા હતા,? હવે તેતો ખલાસ થયા, અને હ૦અલીયે મુર્તઝાને સારી પેઠે જાણો છો કે તેઓનું હ૦ રસુલે ખુદા સ૦ સાથેનું સગપણ તથા આપની કરામતો અને ફઝીલતો સુર્ય કરતાં પણ વધારે પ્રકાશીત અને રોશન છે, અને જે જે નેક અખલાક, અને ઊમદા સીફતો તથા ગુણો આપની મુબારક ઝાતમાં સમાએલ છે તેનું વર્ણન કરવાની જરા પણ જરૂરત નથી. કેમકે તેથી કોઈ પણ અજાણ નથી. કેવા કેવા બારીક મસાએલથી વાકેફ છે; અને આપણી દરેક દીવસની બલકે દરેક કલાકની હાજતોથી તેઓ સારી પેઠે વાકેફ છે, અને ખીલાફતને લાયક આ જનાબ કરતાં બીજું કોઇ પણ વધારે હકદાર જોવામા આવતું નથીજ. એ જનાબ જેવું કોઇ પણ પરહેઝગાર અને ખુદાથી ડરનાર નથી, જો એવું કોઇ હોતતો તમોને તેનીજ બયઅત કરવા અમો કહેતે; પણ આખી દુન્યામાં શોધ કરતા એ જનાબ કરતા અવી નેક સીફાતો વધારે ધરાવનાર મળે તેમ નથીજ, માટે આ વીશે તમારો શું મત છે? અને આ જનાબને ખિલાફત આપવા માટે કેવી મરજી છે?

આ સાંભળીને સર્વેએ જવાબ આપ્યો કે અમો હ૦અલીઅ૦ની ખિલાફતથી રાજી છીએ, એ પણ જાહેર કરીએ છીએ કે કાંઇ પણ દબાણ કે શરમ કે સીફારીશ કે લાચારીથી અમો તેમની ખીલાફતથી રાજી હોઇએ એમ નથી, બલકે અમો દરેક બાબત સમજી અને જાણીને ખરા અંતઃકરણથી રાજી હોવાથી કબુલ કરીએ છીએ, અને ખરા જીગર અને રાજીપાથી તેમની ફરમાં બરદારી ઇખ્તીયાર કરીએ છીએ, હજુ પણ ફરીને વધારે ખાત્રી માટે જાહેર કરીએ છીએ કે યકીન કરીને તેમજ ઊંડી નજરે તપાસીને ખરા દીલથી અમો એ હઝરતની તાબેદારી ઉપાડવા તૈયાર થયા છીએ, અમે કાંઇ પણ મતલબથી કે લાચારીથી કે પરેશાનીથી કે છુટકાવીના કબુલ કરતા નથી, માટે એજ જનાબને ખિલાફતના માલીક ઠેરાવો તેઓજ હકદાર છે, અમો બહુજ રાજી અને ખુશી છીએ.

આ તમામ વાતો અને ઇકરાર અને રજા મંદી અને ભારે ખાહીશ અને ઉલટ, અને અંતઃકરણથી પસંદ છે વી૦ સાંભળીને જનાબે મૌલા મુશકીલ કુશાએ ફરમાંવ્યું કે તમોએ જે જે વાત કહી તેથી એમ જાહેર થયું કે કાંઇ પણ દબાણ અથવા લાચારી શીવાય રાજી ખુશીથી મને ખિલાફત આપવા તૈયાર થયા છો, તો શું તે ફકત મ્હારા પ્રત્યે તમારી સારી લાગણી અને મને સારો સમજીનેજ કહો છો ! કે આ વીશે મને ખુદા તરફથી પણ ખીલાફતનો હકદાર જાણો છો ? !

સર્વેએ કહ્યું યા અલી અમો ખુદા તરફથી હકદાર જાણીને ખુદા તરફથીજ અમારી ગરદન ઉપર આપનો હક વાજીબ જાણીએ છીએ.

આપે ફરમાવ્યું તમો જ્યારે એ મુજબ સમજો છો ત્યારે હવે હું કહું છું કે આજતો તમો પોત પોતાને ઘરે ચાલ્યા જાઓ, અને ઉતાવળ નકરો, અને હજુ આ વીશે બહુજ ઉંડા વીચાર કરો, અને બરાબર તપાસ કરીને આવતી કાલે આવજો, એટલે સર્વાનુમતે જે કાંઇ નકકી થશે તે મુજબ ઇન્શાઅલ્લાહ અમલ કરવામાં આવશે.

બીજે દીવસે હજુ હઝરતે અલીયે મુર્તઝા અલયહિસ્સલાતો વસ્સલામ મસજીદમાં આવ્યા નહતા ત્યાંજ લોકો આવવા લાગ્યા અને તમામ જણ ભેગા થઇ ગયા, પછી હ૦ અલી અ૦ મસજીદમાં આવ્યા અને મિમ્બર ઉપર તશરીફ લઇ જઇને પહેલે પાક પરવરદીગારની હમ્દ અને સના તથા તારીફ બયાન ફરમાવી, પછી હજરતે સરવરે કાએનાત ફખરે મવજુદાત અહમદે મુજતબા મોહમ્મદે મુસતફા સલવાતુલ્લાહે અલયે વ આલેહી વસ્સલ્લમના વખાણ કરી દુરૂદ પડીને નીચે મુજબ વાએઝ કરી—

અએ લોકો તમો જાણો કે ખિલાફતની બાબત આજે તમારા કાબુમાંથી નીકળી જશે, માટે હજુ પણ વખત ચાલ્યો ગયો નથી, માટે ફરીને વીચારો અને ખુબ ધ્યાનથી દુર અંદેશીથી તપાસો, પછી જેને સારો અને લાયક જાણો અને મસલેહત મુજબ બેહતર લાગે તેને તમારો ખલીફો નેમી લીઓ, અને તે સાથે એ પણ જાહેર કરી આપુ છું કે તમો કોઇને ખલીફો કરશો તો હું કાંઈ પણ આનાકાની કરીશ નહી, બલકે તમારો સાથ આપીશ તમો જેની બયઅત કરશો તેના માટે હું પણ ટેકો આપીશ.

આ સાંભળીને મસજીદમાંથી અવાજો આવી કે યા મવલા જે વાત ગઇ કાલે અમોએ કહી હતી અને જે વાત ઉપર એકમત હતા, તે વાત આજે કહીએ છીએ, એટલુંજ નહીં પણ વધારે ભાર આપીને અરજ કરીએ છીએ કે અમો આપ કરતા કોઇને ખીલાફતનું કામ સારીપેઠે ચલાવશે એવો જાણતા નથી, હવે આપ આપનો મુબારક હાથ લંબાવો કે અમો આપની સાથે બૈઅત કરીએ.

હઝરતે અમીરૂલ મોઅમીનીને જ્યારે તમામ જણનો હદથી વધારે આગ્રહ જોયો, અને અવા અવા કલામ સાંભળ્યા, અને તેઓને બયઅત કરવા માટે બહુજ આતુર અને દ્રઢ જોયા, ત્યારે આપ ખામોશ થઇ બેઠા.

સર્વેથી પહેલે તલહાબિન અબદુલ્લાહે ઉઠીને હઝરત અલીઅ૦નો હાથ પોતાના હાથમાં લઇને "બૈઅત" કરી, અને તેનો એક હાથ જંગે ઓહોદમાં જખમી થવાથી નકામો થઇ ગયો હતો, તેથી કબીઝા બિન જાબીર અસદીએ કહ્યું **ઇન્ના લિલ્લાહે વઇન્ના એલયહે રાજેઊન** ! આતો મોટો ગજબ થયો !! કે હ૦ અલી અ૦ની બયઅત માટે પેહેલેજ હુંઠો હાથ રાખવામાં આવ્યો (બહુજ ખરાબ અપશુકન થયા) ખુદાની કસમ તલ્હાએ બૈઅત કરી છે તેથી આ મુબારક નહીં થાય !! જરૂર આ બૈઅત તુટી જશે.

તલહાએ બૈઅત કર્યા પછી ઝુબેરે બૈઅત કરી, તે પછી તો તમામ મોહાજીર અને અનસાર, અમીર, ગરીબ, અઅલા, અદના, ગુલામ, સરદાર,અરબ, અજમ વી૦ સર્વેએ બૈઅત કરી, અને એ સર્વેએ બહુજ ઉલટ અને ચાહનાથી બૈઅત કરી.

જ્યારે બૈઅતનું કામ ખલાસ થયું ત્યારે અમીરૂલ મોઅમેનીન હ૦અલી ઇબ્ને અબીતાલીએ હુકમ કર્યો કે ઉસમાનના ઘરમાં બૈતુલ માલનો જે જે ખજાનો માલ વી૦ હોયતે લાવીને મારી પાસે હાજર કરો, જ્યારે એ તમામ ચીજ લાવ્યા ત્યારે સરકારી ખજાનામાં મોકલી આપ્યો, પછી સદકાના ઊંટ મંગાવીને કોઇને સાંચવવા મુકર્રર કર્યો, અને બાકીનો માલ સામાન હ૦ ઉસ

માનના વારીસો માટે રહેવા આવ્યો, અને સરકારી ખજાનામાં જેટલો માલ ભેગો થયો તે સર્વે પોતાની રૂબરૂ મંગાવીને તમામ મોહાજેરીન અને અનસારને વહેંચી આપવ નો હુકમ કર્યો, અને ફરમાવ્યું કે હવે તે હોય કોઇને પણ વધુ ઓછો આપવો નહીં, તેથી દરેકને ભાગે ત્રણ ત્રણ દીરહમ આવ્યા

હ૦ અલી અ૦ની બૈઅત કઇ તારીખે લેવામાં આવી તે વીશે તવારી-ખોમાં ઘણો મતભેદ છે, સુન્નત જમાતની તવારીખો જેમકે મોરૂજુઝ્ઝહબમાં મસઉદીએ લખ્યું છે કે જે દીવસે હ૦ ઊસમાન કતલ થયા તેજ દીવસે હ૦અલી અ૦ને ખલીફા સ્વીકારીને તેમની બૈઅત લેવામાંઆવી, અને "રવઝતુલ અહબાબ" નામની તવારીખમાં છે કે હ૦ ઉસમાન કતલ થવા પછી એક અઠવાડીએ હ૦ અલીઅ૦નીબયઅત લેવામાં આવી છે, તેમજ કોઇએ બીજે દીવસે, કોઇએ ત્રીજે દીવસે, કોઇએ ચોથે દીવસે, કોઇએ પાંચમે દીવસે, અને કેટલાંકે સાતમે દીવસે બયઅત કરવાનું લખ્યું છે.

તારીખે તીબ્રીવાળા લખે છે કે જ્યારે મીસરવાળા અને મોહાજીર તથા અનસાર બૈઅત માટે ઉતાવળ કરવા લાગ્યા, ત્યારે હ૦ અલી અ૦ ફરમાવ્યું કે ઉતાવળ કરો નહીં, તોપણ લોકોએ બહુજ આગ્રહ કર્યો ત્યારે આપે ફરમાવ્યું કે હ૦રસુલ સ૦ના અસહાબો પહેલે આવીને બયઅતનું કામ તેઓ શુરૂકરે.

આ સાંભળીને એ લોકો જેઓ હાજર નહતા તેઓને બોલાવા ગયા તો તમામ આવ્યા, પણ તલહા ઝોબેર, સઇદબિનયઝીદ, સઅદબિન વકકાસ, અને અબ્દુલ્લાબિન ઉમર, એટલા આવ્યા નહીં, અને બીજી રીવાયત મુજબ હ૦ અલીએ મજકુર શખસો પાસે લોકોને મોકલેલા કે તેઓને કહો તેઓમાંથી કોઇ ખલીફા થાય, તેથી એ સર્વે પાસે લોકો ગયા, પણ કોઇએ ખીલાફત લેવા હા પાડી નહીં, તેમ હ૦ અલીની બયઅત કરવા પણ આવ્યા નહી, અને તેથી તેઓ પાસે લોકોને મોકલેલા કે હુજ્જત તમામ થાય કે ખલીફા તમોને કરતા હતા પણ શામાટે ગયા નહીં ?

તલહા અને ઝુબેરે હસદના કારણે કહેવરાવ્યું કે તમો જેને ખલીફા કરશો તેને અમો માન્ય રાખીશું, અને જેની સાથે બયઅત કરશો તેની બયઅત અમો આવીને કરશું, આ જવાબથી તેમને બોલાવા માણસ મોકલ્યું કે આવીને બૈઅત કરી જાઓ, તો જવાબ આપ્યો કે આજે તો સામાન્ય રીતે સર્વે જણ બયઅત કરો, અમો આવતી કાલ સુધી બયઅત કરી લેશું.

આ પૈગામ સાંભળીને હ૦ અલીએ ફરમાવ્યું કે આજે જુમેરાત છે (હ૦ ઉસમાનને કતલ થીએ સાતમો દીવસ હતો) માટે આવતીકાલે જુમ્માનોદીવસ બૈઅત માટે રાખો કે ઠીક છે, એમ ફરમાવીને આપે ઉઠીને ઘરે જવા ચાહયું

ઇલ્મ રોશની છે. લાઇબ્રેરી હાજીભાઇ સામદાણી

પણ લોકોએ જવા આપ્યા નહીં, અને બહુજ આગ્રહ કરીને કહ્યું કે આવતી કાલે જુમઆહ છે તેથી જુમ્માની નમાઝ પડાવા ઇમામની તો અમારે ખાસ જરૂર છે.

આપે જવાબ આપ્યો કે તલહા ઝુબેર જો આવે તોજ આ કામ ખલલ વીના ઠીક થાશે, માલીકે ઉશતરે કહ્યું કે હું તલહાને બોલાવી લાવું છું, અને હકીમ બીન જબલાએ કહ્યું કે હું ઝુબેરને લાવું છું.

એમ કહીને માલીકે ઊશતરે તલહા પાસે જઇને કહયું કે ઓ તલહા તમો એવું ચાહો છો કે મુસલમાનો માટે કોઇ ઇમામ ન હોય? અને તમો મુસલમાનોમાં મતભેદ નખાવો છો? અગર તમારે ખલીફો થવાની ખાહીશ હોય તો જ્યારે મુસલમાનોએ આવીને તમોને ખલીફા થવા કહયું તો શામાટે કબુલ કર્યું નહીં? જ્યારે તમોએ નાપાડી ત્યારે સર્વે જણે એક જણને પસંદ કરીને એકમતે ખલીફો નેમી બૈઅત કરવાનું નક્કી કર્યું ત્યારે શામાટે વિરૂદ્ધતા બતાવો છો? માટે હવે તો તમારે આવવુંજ પડશે, અને જો હવે નહીં આવો તો અમો ઇસલામમાં મતભેદ રહેવા દેનાર નથી અને તમો કુસંપનું બી નાખવા ચાહો છો તેથી તમારૂં માથું કાપી નાખશું, અને હકીમ બીન જબલાએ ઝુબેરને પણ એજ રીતે કહ્યું.

અવી વાતો સાંભળીને તલહા તથા ઝુબેર અણગમાની સાથે મસજીદમાં એ બન્નેની સાથે ગયા, તે વખતે હ૦ અલીએ ફરમાવ્યું કે મને ખલીફો થવાની ખાહીશ નથી, માટે તમારામાંથી જુવે તે લાંબો હાથ કરે, હું તેનાથી પહેલે બયઅત કરીશ, અને ઓ તલહા તમો વધારે હુશયાર છો લ્યો હાથ લાંબો કરો કે હું તમારી બૈઅત કરૂં.

તલહાએ કહ્યું મઆઝલ્લાહ એ કદી બને તેમ નથી, કે આપ હાજર હોવા છતાં હું બૈઅત કરાવું, આપતો તમામ બાબતમાં અફઝલ છો.

તારીખુલ અમ્બીયાવાળા શીઆહ લખે છે કે હ૦ અલીએ તલહા અને ઝુબેરને કહયુ તમો બયઅત કરાવો હું પણ તમારી બયઅત કરીશ, એ ફકત હુજ્જત તમામ કરવા માટે, અને તેમને મ્હેણા તરીકે કે તમો લાયક નથી છતાં બયઅત કરાવતા હોતો લ્યો હું પણ બયઅત કરૂં, અને એ લોક ખરી રીતે સમજતા હતા કે તમામજણ અને ખાસ કરીને ગરીબો અને સાદામાણસો હ૦ અલી અ૦ની શીવાય કોઇની બયઅત નહીં કરે, કેમકે તે વખત એવો હતો કે કોઇ દબાણ કરીને બૈઅત કરાવે તેમ ન હતું.

હાંસલ કલામ જ્યારે તમામ રીતે હ૦ અલી અ૦ હુજ્જત તમામ કરી ચુકયા, અને કોઈએ પણ બયઅત કરાવી નહીં, તેમ હ૦ અલી શીવાય બીજાની બયઅત કરવા અમુક દુશમનો શીવાય કોઇ પણ રાજી ન હતું. બલકે હ૦ અલી અ૦ને બયઅત કરાવા માટે બહુજ આગ્રહ કર્યો, અને આપની પાસે સર્વેએ ઘણી આજેઝી કરી ત્યારે આપે સર્વેને કહ્યું કે સાંભળો જો તમો મારી બૈઅત કરશો તો હું તમારો હાકીમ અને સરદાર થઇશ, અને ખુદા તથા રસુલના હુકમ મુજબ અમલ કરીશ, હું થઇ ગીએલા ખલીફાની રીત ભાત ઉપર અમલ કરનાર નથી, તેમજ હું મારી મરજી મુજબ અને મસલેહત પ્રમાણે જે બેહતર જાણીશ તેમ કરીશ, અને હક ઇન્સાફ કરવામાં કોઇની પક્ષ નહીં રાખું, તેમ કોઇથી ડરીંશ પણ નહીં.

એ શીવાય સુન્નત જમાતની તવારીખ અઝતુલઅહબાબમાં લખે છે કે આપે ફરમાવ્યું કે (ત્રણ ખલીફાની જેમ) હું સગપણના કે બીજા કોઇ પણ કારણથી એક કોરી પણ કોઇને વધારે નહીં આપું, અને કોઇની પક્ષ નહીં કરૂં, શરા વીરૂધ્ધ જરા પણ મારાથી નહીં થઇ શકે.

આ સાંભળીને તમામ જણાઓએ અરજ કરી કે એ તમામ બાબત અમોને કબુલ અને મનજુર છે, અને એમ પણ લખે છે કે આ બાબતો બયાન થઈ તે હઝરતના ઘરે બયાન થઈ, તેથી આપે સર્વેને કહ્યું કે તમો સર્વે મસજીદમાં ચાલો, કેમકે અવી બાબત ઘરની અંદર થવી તે છુપી રીતે ગણાય, તે ઠીક નથી, માટે મસજીદમાં પબલીક રીતે સર્વે જણની સામે થવી જુવે, તેથી સર્વે જણ મસજીદમાં ગયા,

## એક અગત્યનો ખુલાસો.

તારીખે અમ્બીયાવાળા શીઆહ લખે છે કે હ૦ અલી અ૦ને લોકોએ બૈઅત માટે ઘણી અરજ કરી; પણ વારંવાર આપે ઇન્કાર કર્યો, એ છતાં કે આગ્રહ ઉપર આગ્રહ થયો, એટલુંજ નહી પણ કેટલાં લાયક અને પરહેઝગારો દીનદારોએ પણ અરજ કરી, અને ત્રણ અથવા પાંચ અથવા સાત દીવસ સુધી આપે બૈઅત કરવાની રજા આપી નહીં, અને તેથી મોઅમેનો અને અસહાબોનું એક ટોળું દીલગીર થયું, અને તેઓમાંથી જનાબે માલીકે ઊશ્તર હઝરતની પાસે ગયા, અને અરજ કરી કે યા હઝરત ઉઠો અને લોકો બૈઅત કરવા ચાહે છે માટે બૈઅત કરાવો, કેમકે આ લોકો એટલા માટેજ એકઠા થયાં છે, અને આપ શીવાય બીજા કોઇને પણ ચાહતા નથી, યામવલા ખુદાની

કસમ અગર આ વખતે સુસ્તી કરશો અને આગ્રહ છતાં ખીલાફત નહીં સ્વીકારો તો બીજો કોઇ ખલીફો થઈ જશે, અને આપ આ ચોથી વખત પણ પોતાના હકથી મહરૂમ અને મઝલુમ રેહશો.

એ વખતે લોકો સફો ચીરી ચીરીને હઝરતની સામે જઇ જઇને કહેતા હતાં કે યા મૌલા જ્યાં સુધી આપ બયઅત નહીં લ્યો, ત્યાં સુધી અમો આપથી હરગીઝ જુદા પડનાર નથી.

તો જ્યારે નેક લોકોનો આગ્રહ હદથી પણ વધી ગયો, ત્યારે ફરમાવ્યું કે મસજીદે નબવીમાં ભેગા થાઓ, કેમકે હું ખાનગીમાં બૈઅત કરાવીશ નહી.

કેટલાંક સુન્નત જમાતવાળા મજકુર બાબતને દલીલ લાવે છે કે જો ખુદા તરફથી હ૦અલીને ખિલાફત મળી હોત, અને ખલીફાઓ ખલીફાથઇ ગયા હોત, તો જ્યારે તેમને કાબુ મળે ત્યારે પોતાનો હક લઇ લેવો વાજીબ હતો, તો આ કરતાં બીજો કયો મવકો હતો કે લોક આગ્રહ કરતા હતા છતા આપ બયઅત લેવાની મનાઇ કરીને કહેતા હતા કે બીજાને ખલીફો કરી લ્યો.

આ પ્રશ્નનો જવાબ અકલે સલીમ (પુરી સમજ) વાળા કે જે હઠધર્મ ન હોય તેના માટે નીચે મુજબ છે.

૧—હ૦ અલી અ૦નો ખીલાફતનો હક હતો તે તો આ અહવાલની શરૂઆતમાંજ ખુલાસાથી આવી ગીએલ છે, હવે આ મવકે આપે ઇન્કાર કર્યો તો આપ તમામ કરતાં વધારે ઈલ્મ અને અક્કલ વાળા હતા, તેમાં ઘણી મસલેહતો હશે, આપણે જે સમજી શકીયે તે મસલેહતો એ છે કે—

૧-આપે બયઅતમાટે ઘણી સબર એટલામાટે કરી કે સર્વે એકમત થાય.

૨—લાંબો વખત વીચાર કરવા મળે, કે પછી કોઇ એમ ન કહે કે ઉતાવળમા અમો કાંઇ વીચારી શકયા નહીં.

૩—આપ ચાહતા ન હતા કે પહેલા ખલીફા સાહેબની જેમ મસજીદ વીના બીજી ખાનગી જગ્યોમાં બૈઅત થાય.

૪—આપ પાંચ દસ જણુની વચ્ચે બયઅત લેવા ઇરાદો રાખતા ન હતા.

૫—સર્વે જણ સંપુર્ણ રાજી છે એમ મશહુર થવા ચાહતા હતા.

૬—આપનો મતલબ એ પણ હતો કે કોઇ પણ એવી લાલચકે તમામા ન રહે કે મને વધારે માન મળશે તેથી બયઅત કરે.

કોઇ એમ ન જાણે કે અમારી મરજી મુજબ ઇન્સાફ કરશે, અને પક્ષ રાખશે, અને તેથીજ સર્વે જણના આગ્રહ પછી જાહેર કર્યું કે હું થઇ ગીએલા ખલીફાની જેમ વરતનાર નથી, હું સર્વેને સરખા ગણીશ, હું કોઇનો પક્ષ

નહી રાખુ, અવું કહેવા માટે ઉતાવળ કામ નથી આવતી, ધીમે ધીમે મવકે કહેવાય.

૮—હઝરત એ પણ જાણતા હતા કે તલહા અને ઝુબેર ખલીફા થવાની ખાહીશ રાખે છે, તો આપ તરત બયઅત કરવાની હા પાડે તો તેઓ બીજુ તડ ઉભુ કરે, અને વળી દીનમાં રખનો થાય, તેથી તેમને કહ્યું કે તમો ખલીફા થાઓ, કે તમામ જણ જાણે કે હ૦ અલી અ૦ હકદાર હોવા છતાં કેટલી સબર કરે છે? અને તેઓ પાસેજ કહેવરાવવું હતું કે અમારે ખીલાફત જોતી નથી, અને તેઓને ખાહીશ તો હતી, પણ જોયું કે તમામ જણનો મત હ૦ અલી તરફ થયો :છે, તેથી જુજ જણ શીવાય તમામ જણ કબુલ નહીં કરે, ત્યારે શામાટે જાહેરમાં બદનામથાય ? તેથી તેઓને પણ એ વીશે તપાસ-વાનો વખત આપ્યો.

૯—હઝરત અલીએ ખિલાફત નહીં સ્વીકારવા કહ્યું.તે એ લોકોને મ્હેણા તરીકે કહ્યું કે જેમ પહેલેથીજ તમો તમારી મરજી મુજબ ખલીફા નેમતા આવ્યા છો, અને મને હ૦ રસુલે ખુદા સ૦ ખુદા તરફથી ખલીફો અને ઇમામ નેમી ગયા છતાં મહરૂમ રાખ્યો, અને ત્રીજા ખલીફાએ તમારા ઊપર અવી મુસીબતો નાખી ત્યારે મને ખલીફા થવા કહો છે, તે મને મનજુર નથી, આ બાબતે હઝરતના એ પુછવાથી વધારે સાબીત થાય છે કે આપે પુછયુ કે તમો તમારા ધ્યાનમાં હું આ કામને લાયક છું તેથીજ ખલીફો ઠરાવા ચાહો છો? કે ખુદા તરફથી હું ખલીફો છું તેથી મારી બયઅત કરવા ચાહો છો? તો તેઓએ જવાબ આપ્યો કે અમો આપને ખુદા તરફથી ખલીફો માનીએ છીએ, અને આમ કહેવરાવીને જાણે આપે તેઓ પાસે કબુલાત લીધી, કે આપ ખુદા તર-ફથી ખલીફા હોવા છતાં અટલાં વરસ થયાં તમોને તમારા હકથી મહરૂમ રાખ્યા.

૧૦—ખીલાફત તરત કબુલ નહીં કરવામાં એક મસલેહત એ પણ હતી કે એ ઝમાનામાં હ૦ રસુલ સ૦ના ફરમાન અને તેમની સુન્નતને મુકી આપીને મરજી મુજબ ચાલવાની લોકોને આદત પડી ગઇ હતી, જેમકે હ૦રસુલેખુદા સ૦ના વખતમાં આપ બૈતુલ માલને અમીર, ગરીબ, ગુલામ, આઝાદ, વી૦ સર્વેને સરખે ભાગે આપતા હતા, અને પહેલા તથા બીજા ખલીફા સાહેબોના વખતમાં લોકોના દરજા પ્રમાણે વધુ ઓછો ભાગ આપતા હતા, રઇસો અમી-રોને વધારે, અને ગરીબો ફકીરોને ઓછો, અને ત્રીજા ખલીફા સાહેબે તો પોતાનાજ સગાના ઘરભરી આપ્યા, મરવાન વીગેરેને પુષ્કળ નાણું આપ્યું

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ આમદાણી
માળીયા (મીયાણા)



તો હ૦ અલી અ૦ જાણુતાહતા કે હું ખલીફા સાહેબોની જેમ નહીં વરતુ, બલકે હ૦ રસુલે ખુદા સ૦ની માફક સરખે ભાગે આપીશ, તેથી આ લોકોમાં ઘણા જણુ કચવાશે, તેથી પણુ તરત ખીલાફત સ્વીકારી નહીં, કે ધીમે ધીમે તમામ વાત ગળે ઊંતરે, આપ જેમ કહે તેમ ચાલવા બંધાય ત્યારેજ તેઓના આગ્રહથી ખીલાફત સ્વીકારવી કે પાછળથી કાંઈ પણુ કોઇપણુ ઊફ કરી નશકે.

૧૧—હ૦ અલી અ૦ને ખબર હતી કે હ૦ ઉમરની બાદ ખલીફો નેમવા માટે જે ભાંજગડ થઇ તેમાં એવી શરત કરવામાં આવી કે પહેલા તથા બીજા ખલીફાની પેરવી કરે અને તે સાહેબોને પગલે ચાલે તેને ખલીફો કરવો, જેમકે એ વીશેના લવાદ અબ્દે રહમાન બિન ઔફે લોકોને કહ્યું કે મેં હ૦ અલીને ખલીફા કરવાનો મત નહીં આપ્યો. તેનું કારણુ એ છે કે તેમણે બન્ને ખલીફાઓને પગલે ચાલવાની ના પાડી, તેથી હ૦ ઉસમાનને ખલીફા નેમવાનો ઠેરાવ કર્યો, કેમકે તેમણે એ શરત મન્જુર કરી.

આ વખતે હ૦ અલી અ૦ એ લોકોના કહેવાથી બલકે આગ્રહથી તરત ખિલાફત સ્વીકારે તો તરત તેઓ એજ બાબત કહે કે આપ ખલીફા તો થયા, પણુ બન્ને ખલીફા સાહેબને પગલે ચાલવું પડશે, અને તે વખતે આપ કહે કે હું તે મુજબ નહીં ચાલું, તો વળી ફીતનો થાય, અને બેમત થાય, ઘણા જણુ કહે કે ખલીફા થયા તે બસ છે, કેટલાંક કહે કે નહીં બીજા કોઇને ઠેરાવો કે જે આપણી મરજી મુજબ વરતે, તો હ૦ અલી અ૦ ખિલાફત સ્વીકારવામાં જે બે દીવસ અથવા સાત દીવસ સુધી ઢીલ કરી તે બહુજ દુરઅંદેશી વાપરી, કે પછી કોઇ પણુ એમ કહેવાની હીમ્મત નકરે, તમો ફલાણી શરત કબુલ કરો, બલકે આપને એમ કહેવાનો વખત અને મવકો મળ્યો કે તમો મારી શરતો કબુલ કરો તોજ ખીલાફત સ્વીકારૂં.

૧૨—હ૦ અલી અ૦ તમામજાતનો ઇલ્મ ધરાવતા હતા, અને ભવિષ્યની બાબત પણુ જાણુતા હતા કે મારી સામે તેમજ મારી પાછળ અવા અવા બનાવ બનવાના છે, ઊમય્યા વંશના તેમજ અબ્બાસ વંશના ખલીફા થશે અને અવો ઝુલ્મ બનીહાશમ ઉપર કરશે, બલકે લોકોને કેહતા પણુ હતા કે અવા અવા બનાવ બનનાર છે, તેથી આપે ખીલાફત સ્વીકારવામાં ઢીલ કરી, કે જેઓ આપને ખુદા તરફથી ખલીફા જાણુતા હતા તે તો જાણે પણુ જેઓ એમ માનતા હતા કે ખીલાફતનું કામ ઉમ્મતનું છે પોતાની મરજીમાં આવે તેને ખીલાફત આપે, તેમજ અમે હ૦ અલીને પણુ ખીલાફત આપી છે એમ ન જાણે, અને તેથીજ હ૦ અલીએ મોઆવીયા ઉપર હુજ્જત તમામ કરી હતી,

કે હું કાંઈ લોકોનો બેસારેલો ખલીફા નથી, બલકે ખુદાના હુકમથી તેના રસુલે મુકર્રર કરેલ ખલીફા છું, જેમકે ઈન્શાઅલ્લાહ આગળ આવશે.

૧૩—આપ જાણુતા હતા કે તલહા તથા ઝુબેરને ખીલાફતની ખાહીશછે તો જો તરત આપ ખીલાફત કબુલ કરે તો તેઓ સમજે કે હ૦ અલીએ ઉતાવળ કરીને ખીલાફત સ્વીકારી ન હત તો અમોને ખીલાફત મળત, તેથી આપે સબર તો કરી પણુ લોકોને કહયું કે રખેને તેવણુની ખાહીશ ખિલાફતની હશે માટે તેમને ખલીફા કરો, એટલુંજ નહીં પણુ પોતે પણુ સાથે ગયા અને તેમને ખલીફા થવા કહયું, પણુ તેઓ જાણુતા હતા કે મોટો ભાગ હ૦ અલી અ૦ને ખીલાફત આપવાની તરફેણુમા છે, વી૦ કારણુથી તેમણે ઇન્કાર કર્યો, મતલબ કે દરેક રીતે હ૦ લોકો ઉપર હુજ્જત તમામ કરી કે પાછળ કાંઇ પણુ ચુનોચરા કરવાનો મવકો ન રહે.

૧૪—આપે બયઅત કરાવામાં ઉતાવળ નહી કરી, બલકે ઘણી ઢીલ કરી અને લોકોનો બહુજ આગ્રહ થવા દીધો, તેમાં જેઓ મુનાફેક અને હસદખોર હતા, તેઓ પણુ સર્વેની સામે તરી આવ્યા, કેમકે તેઓ હ૦ અલીની વીરૂદ્ધ વાતો કરતા હતા.

૧૫—એ ઢીલ કરવાથી મતભેદ ઘણે ભાગે મટીને એકમત થવાનો લોકોને વખત મળ્યો.

હાસલે કલામ અસલ કીતાબમાં ૧૧ ખુલાસા છે જેને વધારે ખુલાસાથી લખીને અમોએ પંદર કર્યા, તો એ સર્વેથી બરાબર સમજાય છે, કે હ૦અલી અ૦ બયઅત કરવામાં જરા પણુ ઉતાવળ નહીં કરતા, બે ત્રણુ કે પાંચ સાત દીવસ સુધી ઢીલ કરી, અને પોતે ખીલાફતની ગાદીયે બીરાજવાની જરા પણુ પરવા નહીં કરી, તેમ જીજ્ઞાસા પણ નહીંબતાવી, બલકે વારંવાર ઇન્કાર કરતા રહયા, તેમજ પોતાના વીરોધીયો અને ખીલાફતની ખાહીશ ધરાવનારને પણુ પુરતો વખત આપ્યો પણુ આપે પણુ આગ્રહ કર્યો, એ સર્વેથી આપનું ઇલ્મ તથા દુરઅંદેશી તેમજ હકપણું સાબીત થયું.

સુન્નત જમાઅતની તવારીખ રવઝતુલ અહબાબમાં લખે છે કે પહેલે તલહાએ બયઅત કરી, પછી ઝોબરે પછી મીસરવાળાઓએ, તે પછી મોહાજીર અને અનસારોએ બયઅત કરી, તે પછી જુમ્માને દીવસે અમીરૂલ મોઅમેનીન હ૦ અલી અ૦ મીમબર ઉપર તશરીફ લઇ ગયા, અને ભારે છટા અને ફસાહત તથા બલાગતથી ખુતબો પડયા. એ ખુતબા શરીફની શરૂઆત

આ પ્રમાણે કરી **અલહમ્દો લિલ્લાહે અલાએહસાનેહી લકદ રજઅલહક્ક એલા મકાનેહિ.** એટલે ખુદાનો શુકર અને એહસાન છે કે "હક" પોતાની જગ્યાએ પહોંચ્યું ફર્યું.
લખે છે કે સરવેથી પહેલે તલહા બીન અબદુલ્લાહે બયઅત કરી.

હ૦ અલીએ સરવેને ઘણી અસરકારક અને નસીહત ભરેલી વાએઝ કરી તેમાં એ પણ ફરમાવ્યું કે મોહાજીર અને અનસારને એ ખીયાલ ન રહે કે અમો હઝરતે રસુલે ખુદા સ૦ની સોહબતમાં રહેલા છીએ તેથી અમારી ફઝીલત અને બુઝુર્ગી વધારે છે, ખુદા તેઓને વધારે અજર અને સવાબ આપી રાજી અને ખુશી કરશે, પણ દુન્યામાં સર્વે હકમાં બરાબર છે, એટલે તમારી દરમીઆન ખુદાનો માલ સરખે ભાગે વહેંચાશે એમાં તરફદારી, કે પરહેઝગારીની તરફ ધ્યાન રાખવામાં નહીં આવે, હા પરહેઝગારને પરવરદીગાર વધારે સવાબ અતા ફરમાવશે, હાસલ કલામ ઘણી સમજુતી અને દીલાસા સાથે કેટલીક બાબતો ફરમાવીને કહ્યું કાલે સવારે મારી પાસે આવજો કે જે માલ મવજુદ છે તે તમોને ઇન્સાફની સાથે વહેંચી આપીશ, કોઇ પણ મુસલમાન અરબ હોય કે અજમ હોય આથી પહેલે તેઓને હીસ્સો મળતો હોય કે ન મળતો હોય સર્વે આવે હું કોઇ હકદારને મહરૂમ નહીં રાખું, અને તમારા તથા મ્હારા માટે મગફેરત ચાહું છું, આ પ્રમાણે ફરમાવીને મીંમબર ઉપરથી ઉતરી ગયા.

આ વાએઝ સાંભળીને પહેલે અદાવતનું બી એ રોપાણું કે જેઓને વધારે ભાગ મળતો તેઓને ગુલામોની બરાબર ભાગ લેવાનું ભારે લાગ્યું, અને ઘણો અણગમો ઉપજ્યો અને દીલમાં નારાજ થયા.

બીજે દીવસે સવારે સરવે જણ હાજર થયા હઝરતે માલ મંગાવ્યો, અને પોતાના કાતીબ અબદુલ્લા બીન અબુરાફેઅને ફરમાવ્યું કે આ માલ વહેંચવો મોહજેરીનથી શુરૂ કર અને દરેકને ત્રણ ત્રણ દીનાર આપ,, તે પછી અનસારને પણ એજ પ્રમાણે આપ, તે પછી જે કોઇ તારી પાસે આવે તેને પણ એજ રીતે ત્રણ ત્રણ દીનાર આપ.

લખે છે કે સહલ બીનહનીફ અનસારીએ તેજ દીવસે એક ગુલામ આઝાદ (મુકત) કર્યો હતો તે પણ આ મવકા ઉપર હાજર હતો, સહેલે અરઝ કરી યા અમીરૂલ મોઅમેનીન આ ગઇ કાલે મારો ગુલામ હતો, આજે મેં તેને આઝાદ કર્યો છે તો આપ મને પણ આ ગુલામની બરાબર આપો છો ? આપે જવાબ

આપ્યો બેશક આમાં બન્ને સરખા છો, એમ ફરમાવીને તેને ત્રણ દીનાર આપ્યા અને તેના ગુલામને પણ ત્રણ દીનાર આપ્યા, અને આપે ફરમાવ્યું. સરવેની બરાબર મારા માટે પણ ત્રણ દીનાર રાખો, પછી આપ મસજીદે કુબામાં નમાઝ માટે તશરીફ લઇ ગયા, તમામ માલની ગણત્રી કરી, તો ત્રણ લાખ દીનાર હતા, અને તેના લેનાર એકલાખ મુસ્તહક નીકળ્યા તેથી એ માલ બરાબર વહેંચાઇ રહયો.

મજકુર તલહા અને ઝોબેર કે જેઓએ સરવેથી પહેલે બયઅત કરી તેઓ તથા મરવાન વીગેરેઓએ આ વહેંચણીથી અણગમો જાહેર કર્યો, હઝરતનો કાતીબ ઓબયદુલ્લાહ કહે છે કે મેં અબદુલ્લાહ બીન ઝોબેરને જોયો કે પોતાના બાપ અને તેના અસહાબોને કહે છે કે કાલે આપણે બીલકુલ સમજ્યા કે એ વાતોથી તેઓનો આ ઇરાદો હતો, સઇદે ઝયદ બીન સાબીતને કહયું એ સરવે આપણને સંભળાવવામાં આવ્યું હતુ, હઝરતનો કાતીબ કહે છે અવી વાતો મારાથી સંભળાણી નહીં તેથી મેં ઝોબેરના છોકરા અને સઇદને કહયું હકતઆલા કુરઆનમાં રાસ્ત ફરમાવે છે કે "**વલાકીન્અકસરોહુમ કારેહૂન**" એટલે હક વાતથી ઘણાઓ અણગમો રાખે છે. પછી મરવાન અને તલહા ઝોબેર વી૦ વી૦ આપસમાં ખાનગીઓ કરતા હતા, અને હ૦ અલી અ૦ની દુશ્મની ઉપર **કમર** બાંધી અને ગડબડ શુરૂ થઇ.

હઝરત અલીએ ચારે તરફના હાકીમો (ગવરનરો) ની બદલી કરીને બીજા નવા હાકીમો પોતે પસંદ કરેલા મોકલ્યા, જેમકે **બસરામા** અબદુલ્લા બીન આમેર હાકીમ હતો તેની જગ્યોએ ઉસમાન બીન હનીફ અનસારીને મુકરરર કર્યો, અને કુફામાં અમ્મારા બીન હેસાનને હાકીમ નેમ્યો, અને અબદુલ્લાહ બીન અબ્બાસ બીન રબીઆને યમનનો હાકીમ કર્યો, અને કેસ બીન સઅદ ઉબ્બાદા અનસારીને **મીસર**નો હાકીમ કર્યો, એ સર્વે પોત પોતાની જગ્યોએ ગયા, પણ કુફાનો હાકીમ થઇને ગયો તે પાછો આવ્યો અને કુફામાં અબુ મુસા અશઅરી હતો તેજ ત્યાં રહયો, અને હ૦ ઊમરે પોતાની વફાતની ૪ વરસ પહેલાં **માઅવીયા** ને શામનો હાકીમ કરીને મોકલ્યો હતો, અને ત્રીજા ખલીફા હ૦ ઉસમાને પણ તેનેજ રહેવા આપ્યો હતો, હઝરત અલીએ સહલ બીન હનીફ અનસારીને શામનો હાકીમ કરીને મોઆવીઆની બદલીમાં મોકલ્યો, પણ મોઆવીયાએ પોતા વીશે ઘણી મજબુતી કરેલી અને લોકોને પોતાની તરફ કરી લીધેલા, અને પોતાની સત્તા ઘણી બેસારી આપેલી તેથી સહલબીન હનીફને ટકવા દીધો નહીં તેથી તે લાચાર થઇને પાછો આવ્યો અને શામનો તમામ હાલ બયાન કર્યો.

[અધુરૂં]

આપ્યો બેશક આમાં બન્ને સરખા છો,
અને તેના ગુલામને પણ ત્રણ દીનાર અ
બરાબર મારા માટે પણ ત્રણ દીનાર રા
માટે તશરીફ લઇ ગયા, તમામ માલની
અને તેના લેનાર એકલાખ મુસ્તહક નીકળ્યા

મજકુર તલહા અને ઝોબેર કે જે
તેઓ તથા મરવાન વીગેરેઓએ આ વ
રતને કાતીબ ઓબયદુલ્લાહ કહે છે કે
કે પોતાના બાપ અને તેના અસહાબોને
જયા કે એ વાતોથી તેઓનો આ ઇરાદે
કહયું એ સરવે આપણને સંભળાવવામાં
છે અવી વાતો મારાથી સંભળાણી નહીં
દને કહયું હકતઆલા કુરઆનમાં રાસ્ત
હુમ કારેહૂન" એટલે હક વાતથી ઘ
વાન અને તલહા ઝોબેર વી૦ વી૦ આ
અલી અ૦ની દુશ્મની ઉપર કમ્મર બાં

હઝરત અલીએ ચારે તરફના હા
નવા હાકીમો પોતે પસંદ કરેલા મોકલ્ય
આમેર હાકીમ હતો તેની જગ્યોએ ઉસ
કર્યા, અને કુફામાં અમ્મારા બીન હેસા
બીન અબ્બાસ બીન રબીઆને યમનનો
ઉબ્બાદા અનસારીને મીસરનો હાકીમ
ગયા, પણ કુફાનો હાકીમ થઇને ગયો
મુસા અશઅરી હતો તેજ ત્યાં રહયો,
વરસ પહેલાં મોઆવીયા ને શામનો હ
ખલીફા હ૦ ઉસમાને પણ તેનેજ રહેવા
બીન હનીફ અનસારીને શામનો હાકીમ
લ્યો, પણ મોઆવીયાએ પોતા વાંસે ઘણ
તરફ કરી લીધેલા, અને પોતાની સત્તા
હનીફને ટકવા દીધો નહીં તેથી તે લા
તમામ હાલ બયાન કર્યો. ——